ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુત્તમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૨ ટકા

# આજથી કમુરતા : શુભ કાર્યો વર્જીત

## કર્મુહતમાં લગ્ન થાય તો દાંપત્યજીવન ટકતું નથી : ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ થી ૨૦ એપ્રિલ ૨૦૨૧ સુધી શુભકાર્યો વર્જીત

ગાંધીનગર, તા.૧૪

આજથી માગશર મહિનાની શરૂઆત થાય છે એટલે આવનાર એક મહિના સુધી માંગલિક કાર્યો નહિ કરી શકાય. સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે જેને સૂર્ય સંક્રાંતિ કહે છે. સૂર્ય ધન રાશિમાં રહેવાથી આ માસને ધર્નુમાસ, મલમાસ કહે છે. સૂર્ય માટે મંગળ મિત્ર છે, વૃશ્ચિક રાશિમાં એક મહિનો રહ્યો. તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ થી તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ સુધી તે ગુરૂ મિત્રની ધન રાશિમાં રહેશે. સૂર્ય અગ્નિ તત્ત્વનો ગ્રહ છે. ગુરૂની રાશિમાં સૂર્ય જશે તો ગુરૂ અસ્તનો થાય છે. હાલ ગુરૂ મકર રાશિમાં છે. ગુરૂ નીચેનો થાય છે જેથી આ માસમાં લગ્ન, સગાઈ, વાસ્તુ, ગૃહપ્રવેશ, નવવધુ પ્રવેશ, નવો ધંધો-વેપાર, દુકાનનું મુહુર્ત, મુંડન, જનોઈ આદિ કાર્યો ન કરી શકાય.

માગશર માસમાં ભગવાન કૃષ્ણના કથા, ભાગવત, ભજન, કિર્તન, ધૂન, ગીતા પારાયણ, દાન આદિ કરવા તો ભગવાન કૃષ્ણ પ્રસન્ન થાય છે. જયોતિષાચાર્ય નીલાબેન ઠક્કર આ બાબતે વાત કરતા જણાવે છે કે, આ માસમાં ઓમ નમો નારાયણ, ઓમ નમો ભગવતે વાસુદેવાયઃ મંત્રના જાપ નિરંતર ચાલુ રાખવા જેથી દરેક મનોકામના પૂર્ણ થાય છે. માગશર માસમાં સાંજે ભગવાન કૃષ્ણ અને રાધાજીની આરાધના કરવી, ભાગવત ગીતાના પાઠ કરવા, ધ્યાન ધરવું, બને તેટલા જપ કરવા જેથી ભગવાન પ્રસન્ન થાય છે અને મનની મનોકામના પૂર્ણ થાય છે અને ધન ધાન્યના ભંડાર ભરેલા રહે છે. આ માસમાં જીરૂ ના ખાવું, સૂર્યની પૂજા કરવી ફળદાયી છે, પીપળાની પૂજા કરવી શુભ છે.

**● માગશર માસમાં લગ્ન કે શુભ પ્રસંગ વર્જીત કેમ?**

વિવાહ સંસ્કાર એ સોળ સંસ્કારમાનો એક સંસ્કાર છે. સ્ત્રીઓ માટે પતિનો કારક ગુરૂ છે. જ્ઞાન અને ધનનો કારક પણ ગુરૂ છે. ગુરૂ ધનભાવ, પુત્ર ભાવ, ધર્મભાવ, કર્મભાવ, લાભ ભાવનો કારક છે. સ્ત્રી પુરૂષના લગ્નમાં ગુરૂ શુભ હોવો જરૂરી છે. કારક લગ્નમાં ચાર ફેરા હોય. ધર્મ-અર્થ-કામ-મોક્ષ જયારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરો ત્યારે ગુરૂનું બળ હોવું જરૂરી છે. જ્ઞાન વગર સુખ, ધન પરમાત્માની સમજ આવતી નથી માટે ગુરૂ અસ્તનો હોય તો વિવાહ કરાય નહિ કારણકે સ્ત્રીઓ માટે માંગલ્ય કારક પતિમાં બળ ના હોય તો સ્ત્રી ધનની રક્ષા ન કરી શકે.

સુર્ય તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ મકર રાશિમાં આવે છે. તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૧ થી ૨૦ એપ્રિલ ૨૦૨૧ સુધી શુક્ર અસ્તનો છે. મકર રાશિમાં સૂર્ય, ગુરૂ, શુક્ર આ ત્રણેય યુતિમાં થાય છે. આપણા માટે શુભ ગ્રહ ચંદ્ર, ગુરૂ, શુક્ર છે ત્રણમાંથી બે ગ્રહ અશુભ અને અસ્ત થવાથી શુભ કાર્ય વર્જીત છે. દાંપત્યજીવન કારક શુક્ર છે. જો શુક્ર અસ્તનો હોય ને લગ્ન થાય તો દાંપત્યજીવન ટકતું નથી માટે છૂટાછેડાના કેસો વધતા રહે છે માટે ૧૯ જાન્યુઆરી ૨૦૨૧ થી ૨૦ એપ્રિલ ૨૦૨૧ સુધી લગ્ન વર્જીત છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજના ૧૫૦ ઈન્ટર્ન ડોકટરની સ્ટાઈપેન્ડ વધારવા મુદ્દે હડતાળ







ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મેડીકલ કોલેજના ૧૫૦ ઈન્ટર્ન તબિબોએ સવારના સમયે ગાંધીનગર જીએમઈઆરએસ કોલેજના પ્રાંગણમાં બેસીને સ્ટાઈપેન્ડ વધારવા મુદ્દે સુત્રોચ્ચાર કર્યા હતા. રાજય સરકાર દ્વારા ઈન્ટર્ન ડોકટર્સની ૩ પડતર માંગણીઓને લઈ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. તેમ છતા યોગ્ય નિર્ણય આજદિન સુધી આવ્યો નથી. ત્યારે પોતાની માંગણીઓ મુદ્દે ઈન્ટર્ન ડોકટર્સ દ્વારા હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. તો બીજીતરફ ડે.સીએમ નિતિન પટેલે આ હડતાળને ગેરકાયદેસર ગણાવી છે. હડતાળ પાછી ખેંચી બિનશરતી જોડાઓ નહી તો ગેરહાજરી પુરવામાં આવશે. સરકારને દબાવી ને મજબુરીનો લાભ લેવાનો કોઈ પ્રયત્ન કરશે તો નહી ચલાવી લેવાય તેમ જણાવ્યું હતું.

ગુજરાત રાજયમાં હાલ જીએમઈઆરએસ અને મનપા સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા ઈન્ટર્ન ડોકટર્સે સ્ટાઈપેન્ડ વધારવા માટે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. કોરોના વોર્ડમાં ફરજ બજાવતા ઈન્ટર્ન ડોકટર્સની માંગ છે કે હાલમાં તેઓને રૂ.૧૨,૮૦૦ સ્ટાઈપેન્ડ મળે છે, જેમાં વધારો કરીને રૂ.૨૦ હજાર કરવું, સ્ટાઈપેન્ડ અંગે તંત્ર સમક્ષ વારંવાર રજુઆત કરવા છતા પણ કોઈ નિર્ણય ન લેવામાં આવતા ઈન્ટર્ન ડોકટર્સ હાલ હડતાળ પર ઉતર્યા છે. ઈન્ટર્ન ડોકટરોનું કહેવુ છે કે ભારતમાં અન્ય રાજયમાં ઈન્ટર્ન ડોકટરને વધુ સ્ટાઈપેન્ડ મળે છે તો વિકાસશીલ ગુજરાતમાં કેમ ઓછુ સ્ટાઈપેન્ડ મળે છે. પશ્ચિમ બંગાળમાં ઈન્ટર્ન ડોકટરને ૨૮.૫૦૦, મુંબઈમાં ૩૯ હજાર, અને દિલ્હીમાં ૮ કલાકના ૧૦૦૦ અને ૧૨ કલાક નોકરીના ૨૦૦૦ હજાર માનદ વેતન તરીકે મળે છે. જયારે રાજયના તમામ ઈન્ટર્ન તબિબો દ્વારા એપ્રિલ માસથી આજદિન સુધી બજાવવામાં આવેલા ફરજના સમયગાળાને બોન્ડ સમયગાળામાં ૧:૧ ગણીને ઈન્ટર્નશીપ પૂર્ણ થઈ હોય તેવા તબિબોને ઈન્ટર્ન તબિબોને બોન્ડ મુકતા ગણવા જોઈએ તે મુખ્ય માંગણીઓ છે. જયારે કોવીડ-૧૯માં એપ્રિલ માસથી સતત ઈન્ટર્ન ડોકટર ફરજ બજાવી રહ્યા છે. હોસ્પિટલમાં વોર્ડ, ઓપીડી, ટ્રાએજ, આઈસીયુ, સહિતના વિભાગમાં ફરજ નિભાવી રહ્યા છે. ત્યારે રાજયભરમાંથી ૩૦૦ જેટલા ઈન્ટર્ન ડોકટર સંક્રમિત થયા હતા. જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજના પણ ૨૦ ઈન્ટર્ન ડોકટર્સ સંક્રમિત બન્યા હતા. સંક્રમિત ડોકટર્સ યોગ્ય આઈસોલેશન પૂર્ણ કરીને સ્વસ્થ થઈને ફરીવાર પોતાની સેવાકીય કામગીરીમાં લાગી ગયા છે. ત્યારે રાજય સરકાર દ્વારા ઈન્ટર્ન ડોકટરની છેલ્લા ઘણા સમયથી ૩ માંગણીઓ પડતર છે. આ મુદ્દે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો ઈન્ટર્ન ડોકટર્સ દ્વારા ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવીનીકરણ પાછળ કરોડો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ખર્ચ જાણે વેડફાયો હોય તેવું ઠેર ઠેર જોવા મળી જાય છે. કામમાં ગુણવત્તા જોવા મળતી નથી. સિવિલના મુખ્ય દરવાજાની પાસે જ પાઈપો નીકળી ગઈ હોવાનું જોવા મળે છે. પાઈપોની વચ્ચે મોટી ગેપ જોવા મળી જાય છે.



આજે સોમવતી અમાસને દિવસે ગાંધીનગર પાસે સાબરમતી નદીના કિનારે આવેલ પૌરાણિક ધોળેશ્વર મહાદેવને સુંદર શણગાર કરવામાં આવ્યા હતા.

## સમર્પણ કોલેજ જતા માર્ગ પર ઈકોની ટક્કરે આદીવાડાના નાગરીકને ઈજા

ગાંધીનગર, તા.૧૪

શહેરની ચરેડી પાણીની ટાંકી તરફથી સમર્પણ કોલેજ તરફ જતા માર્ગ પર કબ્રસ્તાનની નજીક ઈકો ગાડીના ચાલકે ટક્કર મારતા આદિવાડાના નાગરીકને ઈજા પહોંચી હતી. આદિવાડા ચાવડા વાસ ખાતે વસવાટ કરતા જગદીશસિંહ છતુજી ચાવડા નાનપણથી માનસિક રીતે અસ્થિર છે. રવિવારના રોજ સવારે તેઓ ચરેડી પાસે ચાલતા જતા હતા. તે સમયે અજાણી ઈકો કારના ચાલકે પાછળથી ટક્કર મારતા તેઓ નીચે પડ્યા હતા. જેથી તેમને માથાના ભાગે અને થાપાના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે તેઓને તાત્કાલીક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવને પગલે ઈજાગ્રસ્ત જગદીશસિંહના મોટાભાઈ અરવિંદસિંહ ચાવડાએ સેકટર-૨૧ પોલીસ મથકે અજાણી ઈકો કારના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કારના ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરના સ્વર્ણીમ પાર્કમાંથી ૫૬ એલઆરડી ઉમેદવારોની અટકાયત કરાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી અને સ્વર્ણીમ પાર્ક ખાતે એકઠા થયેલા ૫૬ ઉમેદવારો સામે જાહેરનામા ભંગ હેઠળ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. રવિવારના રોજ એલઆરડી પુરુષ ઉમેદવારો ન્યાય મેળવવા માટે એકઠા થયા હતા. મહિલા ઉમેદવારોની જેમ તેઓ પણ બેઠક વધારાની માંગ કરી રહ્યા છે. ત્યારે ઉમેદવારો બેઠક યોજે તે પહેલા જ પકડી પાડ્યા હતા.

મળતી વિગત મુજબ એલઆરડી ભરતીમાં પુરુષ ઉમેદવારોને અન્યાય થયો હોવાની માંગ સાથે કેટલાક સમયથી સોશિયલ મિડીયા પર આંદોલન ચાલી રહ્યું છે. કોરોના પહેલા શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન ચાલી રહ્યું હતું. પરંતુ સરકાર દ્વારા તેમની માંગણીનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. એલઆરડી મહિલા ઉમેદવારોની જેમ એલઆરડી પુરુષ ભરતીમાં પણ વધારો કરવામાં આવે તેવી માંગ સાથે રવિવારના રોજ રાજયભરમાંથી ઉમેદવારો સ્વર્ણીમ પાર્ક તેમજ સત્યાગ્રહ છાવણી ખાતે આગામી રણનિતી નક્કી કરવા માટે એકઠા થયા હતા. પરંતુ તે પહેલા જ પોલીસે ઉમેદવારોની જાહેરનામા ભંગ બદલ અટકાયત કરી દીધી હતી.



આ વર્ષ તો જાણે મેળા, ઉત્સવો, તહેવારોની સાદી ઉજવણીમાં જ પસાર થયું. મોટા ભાગના તહેવારો ઘરમાં જ પુરાઈને ઉજવવા પડયાં. દિવાળીના દિવસોમાં ભીડ ભેગી કરવાનું આપણે ભારે પડી ગયું. માંડ માંડ પરિસ્થિતિ કાબુમાં આવી છે. ટૂંક સમયમાં ઉત્તરાયણની તૈયારીઓ શરૂ થશે. બાળકોને હજુ શાળાઓમાં રજા હોવાથી તેઓ ઉત્તરાયણની ઉજવણી કરવા તલપાપડ બન્યા છે. અત્યારથી જ તેઓ પતંગ ચઢાવવા ધાબે ચઢી જાય છે. દોરી પીવડાવવાનું પણ કયાંક કયાંક શરૂ થઈ ચુકયું છે.

## અપડાઉન દરમિયાન બસમાં ખોવાયેલો મોબાઈલ ફોન ડ્રાયવર-કન્ડકટરને મળતાં પરત કર્યો

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૪માં રહેતા યોગેશભાઈ રાવલ જેઓ ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અપડાઉન કરે છે અને તેમનો મોબાઈલ ફોન અપડાઉન દરમિયાન ખોવાઈ જવા પામ્યો હતો. જો કે અમદાવાદથી ગાંધીનગર તરફની બસ નં. ૯૨૧૯ના ચાલક રમેશભાઈ ચૌધરી અને બસ કન્ડકટર રુનાઝબેન મનસુરી દ્વારા બસમાંથી મળી આવેલ મોબાઈલ ફોન યોગેશભાઈને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ દાખવ્યું છે. મોબાઈલ ધારકે પોતાનો ફોન સહી સલામત પરત મળતાં બંને કર્મચારીઓ પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો.




લોકડાઉન બાદ જનજીવન શરૂ થયું છે પરંતુ હજુ જાણે પૂર્વવત થયું હોય તેવું લાગતું નથી. એસ.ટી.ના ઘણા રૂટ હજુ બંધ જ છે. એસ.ટી. બસો નિયમિત ચાલતી ન હોવાથી લોકોને ના છૂટકે ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડે છે. કોવિડની ગાઈડલાઈન અમફરોને ઘેટાં બકરાંની જેમ બેસાડે છે. રક્ષાશકિત યુનિવર્સિટી પાસેથી પસાર થતા ખાનગી વાહનોમાં ઠાંસી ઠાંસીને મુસાફરો ભરેલા જોવા મળી જાય છે.

## છેલ્લા સાત વર્ષથી પકડવાના બાકી આરોપીને એસઓજીએ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન સાથે રહેલા એએસઆઈ રાજેન્દ્ર પ્રસાદ નટવરલાલને બાતમી મળી હતી. કલોલ શહેર પોલીસ મથકના છેતરપિંડીના ગુનામાં પકડવાનો બાકી આરોપી ભમરાભાઈ કરમશીભાઈ ભીલ (રહે. વકીલની ચાલી નવી શાકમાર્કેટ કલોલ), સિંદબાદ હોટલ પાસેથી દબોચી લીધો હતો. એસઓજી પોલીસે તેને પકડી કલોલ શહેર પોલીસ મથક ખાતે સોંપવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. રામબા પોપટજી ગોહિલ, ઉ.વ. ૬૮, ઈન્દ્રોડા, ગાંધીનગર
- સ્વ. મકવાણા રણછોડભાઈ મોહનભાઈ, ઉ.વ. ૭૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પાધ્યા અવિનાશ ચંદ્રપ્રસાદ, ઉ.વ. ૭૭, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પારઘી મુકેશ જગલસિંઘ, ઉ.વ. ૨૫, સે-૩, છાપરાં, ગાંધીનગર
- સ્વ. રાવળ સુશિલાબેન ચંદુભાઈ, ઉ.વ. ૫૨, દોલારાણા વાસણા, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. રાવત મિતલબેન અમૃતલાલ, ઉ.વ. ૩૮, જામનગર, જી. જામનગર
- સ્વ. જયંતિલાલ મંગળદાસ સોલંકી, ઉ.વ. ૭૧, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. ગોંડલીયા રશ્મીકાબેન હીતેષકુમાર, ઉ.વ. ૩૮, રાંદેસણ, ગાંધીનગર
- સ્વ. મીનાબેન રસીકલાલ નાયક, ઉ.વ. ૫૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. દરજી બાબુભાઈ શિવાભાઈ, ઉ.વ. ૭૦, વણોદ, તા. પાટડી, સુરેન્દ્રનગર
- જમનાપરા જયંતિલાલ ગોવિંદભાઈ, ઉ.વ. ૬૧, કુડાસણ, ગાંધીનગર

# મિલકતધારકોના ઉકેલ બાદ હવે અસરગ્રસ્ત ખેડૂત મંડળની કલેકટર તરફ આશાભરી મીટ


### મિલકતધારકોની જેમ અસરગ્રસ્ત ખેડૂતો પણ જમીનના વળતર અને મળવાપાત્ર લાભોથી વંચિત હોવાની રજૂઆત ઘણા સમયથી પડતર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સાત ગામના અસરગ્રસ્ત મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાની વર્ષો જુની માંગણી કલેકટર કચેરીએથી સ્વીકારી આ વિવાદિત પ્રશ્નના ઉકેલ લાવવા બદલ અસરગ્રસ્ત ખેડૂત મંડળ દ્વારા કલેકટર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવી છે. આ સાથે પાટનગરના નિર્માણમાં જે ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી છે તેમને નજીવી કિંમત આપવામાં આવ્યું હોવાની ફરિયાદ સાથે અસરગ્રસ્ત ખેડૂત મંડળ દ્વારા જમીનના વળતર અને મળવાપાત્ર લાભોથી જે ખેડૂતો વંચિત છે તેનો ઉકેલ પણ સત્વરે લાવી આપવા જિલ્લા કલેકટરને અનુરોધ કરવામાં આવ્યો છે.

પાટનગરના નિર્માણ માટે જે ગામોના ખેડૂતોની જમીનો સંપાદિત કરવામાં આવી હતી તેમને ઓછું વળતર ચુકવાયુ હોવાનું અસરગ્રસ્ત ખેડૂત મંડળનું માનવું છે. ખેડૂતો દ્વારા તેમણે આપેલી મહામુલી ફળદ્રુપ જમીનોના બદલામાં મળવાપાત્ર લાભો પણ વંચિત રહ્યા હોવાની રજૂઆત અનેકવાર સરકાર સમક્ષ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી આ પ્રશ્નનો ઉકેલ આવી શકયો નથી. સરકાર દ્વારા અનિર્ણયિત રહેલ આ પ્રશ્નને પણ મિલ્કતધારકોના પ્રશ્નની જેમ ઉકેલી આપવા હવે અસરગ્રસ્ત ખેડૂત મંડળે જિલ્લા કલેકટર તરફ આશાભરી મીટ માંડી છે. આ સાથે અસરગ્રસ્ત ખેડૂત મંડળે પ્રોપર્ટી કાર્ડ વિતરણ સમારંભમાં ઉપસ્થિત ના રહી શકવા બદલ ખેદ વ્યકત કર્યો હતો.

# શહેરના યુવાને યુ-ટયુબ પર આલ્બમ સોંગ લખાણ, ગાયન અને કમ્પોઝ કર્યું



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરનો યુવાન કે જે એન્વાયરમેન્ટલ એન્જીનીયર છે તેનું એક આલ્બમ સબસે પહેલે સોંગનું કમ્પોઝીશન, લખાણ અને ગાયન પણ શહેરના યુવાન વત્સલ ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું છે. વત્સલ સાથે વાત કરતા તેઓ જણાવે છે કે, તેઓ સંગીત શીખ્યા નથી પરંતુ તેમના ફાધરની જેમ તેમને લખવાનો શોખ છે. કોલેજના સમયથી જ તેઓએ આ સોંગ લખ્યું છે. પરંતુ કોલેજકાળના છેલ્લા વર્ષ દરમિયાન જ તેમના ફાધરને બિમારી આવી જતા તેમના માથે જવાબદારી આવી ગઈ અને હવે આ વર્ષે તેમના મિત્રની મદદથી અને ગાઈડન્સથી આગળ વધ્યા અને આજે સબસે પહેલે સોંગ રીલીઝ થઈ રહ્યું છે. જેમાં સોંગનું લખાણ, ગાયન અને કમ્પોઝીશન ગાંધીનગરના આ યુવાન વત્સલ દ્વારા અને એકટ શ્રધ્ધા ડાંગર અને દુશ્યંત વ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે જે આલ્બમ યુ ટયુબ પર જોઈ શકાશે.